Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ００૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૦૪–૧૧–૨૦૧૯**

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા.૦૪–૧૧–૨૦૧૯ના રોજ બપોરે:૧૨–૦૦ કલાકે સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૦૪–૧૧–૨૦૧૯ |
|---|---|---|
| ૧. | ડૉ.શિવેન્દ્ર ગુપ્તા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ.<br>ડૉ.એસ. આર. જોષી, આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, સુરત. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | ––– |
| ૭. | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૮. | ડૉ.મહિડા મહેન્દ્રસિંહ ભરતસિંહ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | હાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ) | હાજર |
| ૧૫. | ડૉ.સંજયકુમાર (સત્યાર્થી) | ગેરહાજર |
| ૧૬. | શ્રી વિનોદકુમાર રણછોડભાઈ ગજેરા | હાજર |
| ૧૭. | શ્રી સંજય બલ્લુભાઈ લાપસીવાલા | હાજર |
| ૧૮. | ડૉ.કેતન ચંદ્રકાન્તભાઈ દેસાઈ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૨૩–૦૮–૨૦૧૯ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૩–૦૮–૨૦૧૯ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા વધારા સાથે બહાલી આપવામાં આવે છે.**

**સિન્ડિકેટની તા.૨૩–૮–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ૬૦**

:: આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, તા. ૦૫–૦૮–૨૦૧૯ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૦ અને ૨૩ નો પરિશિષ્ટ : ' ઘ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો અને બાબત ક્રમાંક ૧૦ નો યથાવત સ્વીકાર કરી વિદ્યાર્થીઓના ફોર્મ વેરીફીકેશનમાં જો ભૂલ હોઈ તો જે તે સંસ્થાની જવાબદારી રહેશે.

**(પરિશિષ્ટ : ' ઘ ')**

ને સ્થાને

:: આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, તા. ૦૫–૦૮–૨૦૧૯ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૨૦ અને ૨૩ નો પરિશિષ્ટ : ' ઘ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો અને બાબત ક્રમાંક ૧૦ નો યથાવત સ્વીકાર કરી વિદ્યાર્થીઓના ફોર્મ વેરીફીકેશનમાં જો ભૂલ હોઈ તો જે તે સંસ્થાની જવાબદારી રહેશે.

**(પરિશિષ્ટ : ' ઘ ')**

વાંચનમાં લેવું

૨. એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૬/૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૩ તથા સિન્ડીકેટ તા.૧૯/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : ૩૦૩ અન્વયે મંજૂર કરવામાં આવેલ આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની પદવી ડીનશ્રીના અભિપ્રાય મુજબ નીચે જણાવ્યાનુસારની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

Faculty of Architecture

(1) Master of Urban and Regional Planning (MURP)

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૬/૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૩ તથા સિન્ડીકેટ તા.૧૯/૦૬/ ૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : ૩૦૩ અન્વયે મંજૂર કરવામાં આવેલ આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની પદવી ડીનશ્રીના અભિપ્રાય મુજબ ઉપરોકત જણાવ્યાનુસારની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા સેનેટને ભલામણ કરવી અને સદર બાબત માનનીય સેનેટ સદસ્યશ્રી વિરેન્દ્રસિંહ મહિડા પાસે મુવ કરાવવાનુ ઠરાવવામાં આવે છે.**

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માં પ્રવેશ માટે વિકેન્દ્રિત ( decentralized) ધોરણે ઓનલાઈન પધ્ધતિ કરવા અંગે યુનિવર્સિટી બી.એસસી/બી.કોમ./બી.બી.એ./બી.સી.એ. ની એડમીશન કમિટી તા.૩૧/૦૮/૨૦૧૯ ની સંયુકત સભાના ઠરાવ ક્રમાંક : ૪અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>યુનિવર્સિટી બી.એસસી/બી.કોમ./બી.બી.એ./બી.સી.એ. ની એડમીશન કમિટીની</u>**

**<u>તા.૩૧/૦૮/૨૦૧૯ની સંયુકત સભાની ભલામણ ક્રમાંક : ૮</u>**

:: સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સના આચાર્યશ્રી તથા કલાર્ક હાજર રહયા હતા તેમણે આપેલ લેખિતનિવેદન અનુસાર તેઓએ ભૂલથી તા.૩૦–૦૮–૨૦૧૯ના રોજ એડમીશન માટે વિદ્યાર્થીઓને મેસેજ કર્યા હતા. યુનિવર્સિટીના તા.૨૨/૦૮/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંકઃએકે./પ્રવેશ / ૧૬૮૮૨ / ૨૦૧૯ મુજબ તા.૨૮–૦૮–૨૦૧૯ પછી રાઉન્ડ જાહેર ન કરવાની સ્પસ્ટ સૂચના હોવા છતા કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને મેસેજ કરી બોલાવવામાં આવ્યા હતા. કોલેજ દ્વારા વારંવાર યુનિવર્સિટીની સૂચનાનો ભંગ કરવામાં આવતો હોય આ સમિતિનું એવુ તારણ છે કે, સંસ્થા દ્વારા આ રીતે ઈરાદા પૂર્વક યુનિવર્સિટીની પ્રતિભા ખર્ડાય તે રીતે કાર્યવાહી કરવામાં આવતી હોય સંસ્થાને રૂ.૫૦૦૦/– નો દંડ કરવાનું ભલામણ કરવામાં આવે છે. તથા સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવેલી યાદીની ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનું ઠરાવવામાં આવે છે.

(એકેડમિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત તમામ કોલેજોના એડમીશન પ્રક્રિયા બાબતે થયેલી ગરબડી અંગે રચાયેલી કમિટિ સમક્ષ આ બાબત પણ રજૂ કરવી અને સજા અંગે કમિટિના રીપોર્ટ અને ભલામણ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.**

૪. તા.: ૨૭–૦૮–૨૦૧૯ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ અને ૩ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.: ૨૭–૦૮–૨૦૧૯ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨ અને ૩ નો પરિશિષ્ટ : ' ક ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ : ' ક ' )**

૫. તા.: ૦૩–૧૦–૨૦૧૯ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૫, ૬, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭ અને ૨૦.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.: ૦૩–૧૦–૨૦૧૯ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૫, ૬, ૧૦, ૧૧, ૧૭ અને ૨૦ નો પરિશિષ્ટ : ' ખ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો. બાબત ક્રમાંક ૧૨ માં કમિટિ બનાવવાની સતા માનનીય કુલપતિશ્રીને આપવી. બાબત ક્રમાંક ૧૩ માં ગોદરેજ કંપનીનું GEM અંતર્ગત ખરીદી કરવા કાર્યવાહી કરવી. બાબત ક્રમાંક ૧૪ માં સુરત મહાનગર પાલિકાની મેડિકલ કોલેજ, હોસ્પિટલ વિગેરેમાં કેન્ટીન ચલાવવા માટે નિતિ નિયમ મંગાવી પુનઃ રજૂ કરવી.**

**(પરિશિષ્ટ : ' ખ ' )**

૬. પરીક્ષા FACT કમિટીની તા.૧૮–૦૯–૨૦૧૯ની સભાની કાર્યવાહી નોંધ / ભલામણો પર વિચારણા કરવા બાબત...

(નોંધ :– પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ / ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા)

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની સભાની તા.૧૮–૦૯–૨૦૧૯ની સભાની કાર્યવાહી નોંધ/ભલામણોનો પરિશિષ્ટ : ' ગ ' માં દર્શાવ્યા મુજબ બાબત ક્રમાંક ૧ થી ૬ FACT કમિટીને રીફર બેક કરવી અને સદર કોલેજો પાસે (૧ થી ૬) ખુલાસો માંગવો તેમજ બાબત ક્રમાંક ૧૨,૧૩ અને ૨૩ જરૂરી સજા સાથે સિન્ડિકેટને ભલામણ કરવા FACT કમિટીને રીફર બેક કરવી તથા અન્ય ભલામણનો યથાવત સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ : ' ગ ' )**

૭. પરીક્ષા FACT કમિટીની તા.૧૫–૧૦–૨૦૧૯ની સભાની કાર્યવાહી નોંધ / ભલામણો પર વિચારણા કરવા બાબત...

(નોંધ :– પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ / ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા)

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની સભાની તા.૧૫–૧૦–૨૦૧૯ની સભાની કાર્યવાહી નોંધ/ભલામણોનો પરિશિષ્ટ : ' ઘ ' માં દર્શાવ્યા મુજબ યોગ્ય સજા સાથે સિન્ડિકેટને ભલામણ કરવા FACT કમિટીને રીફર બેક કરવી.**

**(પરિશિષ્ટ : ' ઘ ' )**

૮. શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ)**નું નવું જોડાણ** (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં **શિક્ષણ** વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૧૬–૯–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯/ MR-26/ખ.–૧ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ**

(૧) સિન્ડિકેટની તા.૮–૭–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ (૧) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર –૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ)નું નવું જોડાણ (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં વાસ્તવીક દસ્તાવેજો અને સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧–૭–૨૦૧૯ના પત્ર ક્રમાંક : દગજ/૨૦૧૯/ MR-26/ ખ.૧ વંચાણે લેતા નીચે મુજબના અવલોકનો ધ્યાનમાં લેતા**

**(૧) સદર અરજી કર્તા ટ્રસ્ટનું નામ શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ છે.**

**(૨) સદર જમીનનો સર્વે નં. ૩૫૭ અને ૧૧૪ પ્રમાણે અલગ અલગ જગ્યાએ આવેલી હોવાનું જણાય છે.**

**(૩) જેમાં સર્વે નં.૩૫૭ જમીન સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટ સુરતના નામે છે.**

**(૪) સર્વે નં.૧૧૪ નંબર વાળી જમીન જીવાભાઈ માધાભાઈ ભાદરકાના વ્યકિતગત નામે છે.**

(૫) અરજદાર ટ્રસ્ટના નામે કોઈ જમીન નથી.

(૬) સર્વે નં. ૩૫૭ વાળી જમીનનો ભાડા કરાર પચાસ હજાર ચોરસ ફુટ યાને કે ૧.૧૬ એકર છે અને સર્વે નં. ૧૧૪ વાળી જમીનનો ભાડા કરાર કેટલી જમીન પુરતો છે તેનો કોઈ ઉલ્લેખ નથી. ઉપરાંત બંને જમીનોના ગામ નમુના નં. ૭ અને ૧૨માં જવાબદાર વ્યકિતનું નામ જીવાભાઈ માધાભાઈ ભાદરકા છે જયારે ભાડા કરાર લખાવી લેનાર વ્યકિતનું નામ જીવરાજભાઈ માધાભાઈ ભાદરકા છે એટલેકે બંનેમાં વિસંગતતા જણાય છે.

(૭) અરજદારે રજૂ કરેલ ભાડા કરાર નિયમ મુજબનું રજીસ્ટર્ડ લીઝ ડીડ નથી.

(૮) યુ.જી.સી.ના નિયમાનુસાર યુનિવર્સિટી લીઝ ડીડને માન્ય કરતું નથી.

(૯) સદર અરજીકર્તાના ટ્રસ્ટના નામે માલિકીની કોઈ જમીન ઉપલબ્ધ નથી.

(૧૦) સદર અરજીકર્તા ટ્રસ્ટના નામે યુ.જી.સી.ના નિયમ મુજબ ઓછામાં ઓછી પાંચ એકર બિનવિવાદી માલિકીની જમીન હોવી જરૂરી છે.

આથી ઉપરોકત અવલોકનોને ધ્યાનમાં લેતા સિન્ડિકેટ દ્વારા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાની જોડાણ અરજીને નામંજૂર કરી રાજય સરકારશ્રીને જોડાણ નહી આપવા ભલામણ કરે છે.

(૨) સિન્ડિકેટના ઉપરોકત ઠરાવ અન્વયે, યુનિવર્સિટી કાર્યાલયના તા.૯–૭–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (ભાદરકા)(નર્સિંગ)(૧૯)/૧૨૨૪૦ થી સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮ –૨૦૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ)નું નવું જોડાણ નહી આપવા ભલામણ કરવામાં આવેલ હતું.

(૩) **યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૩–૮–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (ભાદરકા) (નર્સિંગ) (૧૯)/ ૧૬૧૨૮ થી થી સદર કોલેજને શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૭–૮–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯/MR-**૨૬/ ખ.૧ ની શરત ક્રમાંકઃ ૮ મુજબ સદર અભ્યાસક્રમનું શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯નું નિયત દરેક લઘુત્તમ દિવસોનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ થઈ ગયેલ હોય, તેમજ યુનિવર્સિટી એન્રોલમેન્ટની લંબાવેલ આખર તારીખ પણ વિતી ગયેલ હોય શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે વિદ્યાર્થીઓની ફાળવણી કરવાની આગળની કાર્યવાહી કરી શકાય તેમ નથી. એમ જણાવેલ છે. તેમજ સદર પત્રની એકેડેમિક વિભાગને તથા સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરને પણ કરવામાં આવેલ છે.

(૪) સંસ્થાએ તેમના તા.૯–૮–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ RMBT/2019-20/031 થી બી.એસસી. (નર્સિંગનું જોડાણ આપવા વિનંતી કરેલ છે.

(૫) **સદર કોલેજને શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૭–૮–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ / ૨૦૧૯/** MR-26/ ખ.૧ થી સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામા આવેલ છે.

(૬) **સિન્ડિકેટની તા.૨૩–૮–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ** (૩૦) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજયુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર –૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ) નું નવું જોડાણ (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૭–૮–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯/** MR-26/**ખ.–૧ થી સદર કોલેજને શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ)નું નવું જોડાણ માટે સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે. પરંતુ સંસ્થા ધ્વારા નામદાર હાઈકોર્ટમાં** SCA 14014/2019 **અંતર્ગત નામદાર હાઈકોર્ટ ધ્વારા સદરહું પીટીશન ગ્રાહ્ય રાખવામાં આવેલ ન હોઈ વર્ષ ૨૦૧૮–૧૯ માટે ગ્રાહ્ય રાખી શકાય નહીં. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે સંસ્થાએ કોઈ નવી જોડાણ અરજી નિયત સમયમર્યાદામાં કરેલ ન હોઈ, સંસ્થા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે જોડાણ લેવા માંગતી હોય તો નવેસરથી નિયમાનુસાર નવા જોડાણ માટે જોડાણઅરજી કરવાની રહેશે.**

**(૭)** સિન્ડિકેટના ઉપરોકત ઠરાવની જાણ સંસ્થાને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૪–૯–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (ભાદરકા)(નર્સિંગ)/(૧૯)/૧૭૯૫૫ થી કરવામાં આવેલ છે.

(૮) ઉપરોકત પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ) નું નવું જોડાણ (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૧૬–૯– ૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯/MR-26/ખ.–૧ ના પત્ર પર વિચારણા સંદર્ભે નામદાર હાઈકોર્ટના તા.૧૯–૮–૨૦૧૯ના ઓરલ ઓર્ડરનો અમલ કરવો.**

૯. યુનિવર્સિટીના કુલસચિવની તા. ૧૪/૦૬/૨૦૧૬ થી ખાલી જગ્યા અંતગર્ત યુનિવર્સિટીના કુલપતિશ્રીના કાર્યાલયના તા.૧૪/૦૮/૨૦૧૯ ના પત્રથી સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે પર્સોનેલ ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી હિરનેશ ભાવસારને પ્રતિનિયુકિત પર રૂા. ૧૦,૦૦૦ના ગ્રેડ અને અન્ય મળવાપાત્ર ભથ્થાઓ પર એક વર્ષ કે કુલસચિવની જગ્યા ન ભરાય તે બે માંથી જે વહેલુ હોય તેટલા સમય માટે નિમણૂંક કરવાની દરખાસ્ત સંદર્ભે સુરત મહાનગર પાલિકાની તા. ૦૬/૦૯/૨૦૧૯ ની સ્થાયી સમિતિના ઠરાવ નં ૯૨૮/૨૦૧૯ અંતગર્ત નકકી થયેલ બોલીઓ અને શરતોને આધિન સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગના તા. ૦૭/૦૯/૨૦૧૯ અને સ્મીમેર મેડીકલ કોલેજના ૦૯/૦૯/૨૦૧૯ના રોજ બપોર સમય પછીની અસરથી અત્રેની કચેરીએ પ્રતિનિયુકિતની ફરજમાં જોડાવવા છૂટા કરવામાં આવેલ છે. તે અન્વયે તેઓને ૦૯/૦૯/૨૦૧૯ના રોજ બપોર સમય પછીથી યુનિવર્સિટી કાર્યાલય ખાતે હાજર થઈ કાર્યભાર સંભાળેલ હતો. ત્યાર બાદ શિક્ષણ વિભાગના તા.૫/૧૦/૨૦૧૯ના પત્ર ક્રમાંક : દગય/૧૦/૨૦૧૯/૫૦/૨૭૪૭/ખ–૨ અંતગર્ત તેઓને યુનિવર્સિટીના તા.૦૭/૧૦/૨૦૧૯ પત્ર ક્રમાંક : વીસી/૨૦૦૨૧/૨૦૧૯ થી કુલસચિવ પદ પરથી તા. ૦૭/૧૦/૨૦૧૯ની અસર થી સેવા પરત કરતો આદેશ કરી તેઓને તેમના મુળ વિભાગ સુરત મહાનગર પાલિકા ખાતે પરત ફરજ પર જોડાવા જણાવેલ હોય તેઓને તા. ૦૯/૦૯/૨૦૧૯ના બપોર સમય પછી થી તા.૦૬/૧૦/૨૦૧૯ દરમ્યાન કુલસચિવ તરીકે બજાવેલ ફરજનો નિયામાનુસારનો પગાર ચૂકવવાની પશ્ચાદવર્તિ અસરથી મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કુલસચિવની તા. ૧૪/૦૬/૨૦૧૬ થી ખાલી જગ્યા અંતગર્ત યુનિવર્સિટીના કુલપતિશ્રીના કાર્યાલયના તા.૧૪/૦૮/૨૦૧૯ના પત્રથી સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે પર્સોનેલ ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી હિરનેશ ભાવસારને પ્રતિનિયુકિત પર રૂા. ૧૦,૦૦૦ના ગ્રેડ અને અન્ય મળવાપાત્ર ભથ્થાઓ પર એક વર્ષ કે કુલસચિવની જગ્યા ન ભરાય તે બે માંથી જે વહેલુ હોય તેટલા સમય માટે નિમણૂંક કરવાની દરખાસ્ત સંદર્ભે સુરત મહાનગર પાલિકાની તા. ૦૬/૦૯/૨૦૧૯ ની સ્થાયી સમિતિના ઠરાવ નં ૯૨૮/૨૦૧૯ અંતગર્ત નકકી થયેલ બોલીઓ અને શરતોને આધિન સુરત મહાનગર પાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગના તા.૦૭/૦૯/૨૦૧૯ અને સ્મીમેર મેડીકલ કોલેજના ૦૯/૦૯/૨૦૧૯ના રોજ બપોર સમય પછીની અસરથી અત્રેની કચેરીએ પ્રતિનિયુકિતની ફરજમાં જોડાવવા છૂટા કરવામાં આવેલ છે. તે અન્વયે તેઓને ૦૯/૦૯/૨૦૧૯ના રોજ બપોર સમય પછીથી યુનિવર્સિટી કાર્યાલય ખાતે હાજર થઈ કાર્યભાર સંભાળેલ હતો. ત્યાર બાદ શિક્ષણ વિભાગના તા.૫/૧૦/૨૦૧૯ના પત્ર ક્રમાંક : દગય/૧૦/૨૦૧૯/૫૦/ ૨૭૪૭/ખ–૨ અંતગર્ત તેઓને યુનિવર્સિટીના તા.૦૭/૧૦/૨૦૧૯ પત્ર ક્રમાંક : વીસી/ ૨૦૦૨૧/૨૦૧૯ થી કુલસચિવ પદ પરથી તા. ૦૭/૧૦/૨૦૧૯ની અસર થી સેવા પરત કરતો આદેશ કરી તેઓને તેમના મુળ વિભાગ સુરત મહાનગર પાલિકા ખાતે પરત ફરજ પર જોડાવા જણાવેલ હોય તેઓને તા.૦૯/૦૯/૨૦૧૯ના બપોર સમય પછી થી તા.૦૬/૧૦/૨૦૧૯ દરમ્યાન કુલસચિવ તરીકે બજાવેલ ફરજનો નિયામાનુસારનો પગાર ચૂકવવાની પશ્ચાદવર્તિ અસરથી મંજૂરી આપવા બાબતે સુરત મહાનગર પાલિકામાં મૂળ હોદ્દાના (પર્સનેલ ઓફિસર) હાલના પગાર ધોરણે તા.૦૯/૦૯/૨૦૧૯ થી તા.૦૬/૧૦/૨૦૧૯ સુધીનો પગાર ચૂકવવા ઠરાવવામાં આવે છે.**

૧૦. (૧) એકેડેમિક કાઉન્સિલના તા. ૦૭–૦૬–૨૦૧૯ની સભાના ઠરાંવ ક્રમાંકઃ ૫૧ થી મંજૂર કરવામાં આવેલ One year P.G. Diploma Course in Molecular and Biochemical Technology .

(૨) એકેડેમિક કાઉન્સિલના તા. ૨૨–૦૩–૨૦૧૮ની સભાના ઠરાંવ ક્રમાંકઃ ૫૧ અને સિન્ડિકેટની તા.૦૨/૦૫–૨૦૧૮ની સભાનાં ઠરાવ ક્રમાંક ૧૦૭થી મંજૂર કરવામાં આવેલ P.G. Diploma in Toxicology.

(૩) એકેડેમિક કાઉન્સિલના તા. ૦૭–૦૬–૨૦૧૯ની સભાના ઠરાંવ ક્રમાંકઃ ૨૭૧ તથા સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ની સભાનાં ઠરાવ ક્રમાંક :૩૦૫ થી મંજૂર કરવામાં આવેલ P.G. Diploma in Planktonology. વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની પદવી ડીનશ્રીના અભિપ્રાય મુજબ નીચે જણાવ્યાનુસારની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા વિચારણા કરવા બાબત.

## Faculty of Science

(1) P.G. Diploma in Molecular & Biochemical Technology (P.G.D.M.T)

(2) P.G. Diploma in Toxicology (P.G.D.T.)

(3) P.G. Diploma in Planktonology (P.G.D.P.)

(પરિક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,**

**(૧) એકેડેમિક કાઉન્સિલના તા. ૦૭–૦૬–૨૦૧૯ની સભાના ઠરાંવ ક્રમાંકઃ ૫૧ થી મંજૂર કરવામાં આવેલ One year P.G. Diploma Course in Molecular and Biochemical Technology .**

**(૨) એકેડેમિક કાઉન્સિલના તા. ૨૨–૦૩–૨૦૧૮ની સભાના ઠરાંવ ક્રમાંકઃ ૫૧ અને સિન્ડિકેટની તા.૦૨/૦૫–૨૦૧૮ની સભાનાં ઠરાવ ક્રમાંક ૧૦૭થી મંજૂર કરવામાં આવેલ P.G. Diploma in Toxicology.**

**(૩) એકેડેમિક કાઉન્સિલના તા. ૦૭–૦૬–૨૦૧૯ની સભાના ઠરાંવ ક્રમાંકઃ ૨૭૧ તથા સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ની સભાનાં ઠરાવ ક્રમાંક :૩૦૫ થી મંજૂર કરવામાં આવેલ P.G. Diploma in Planktonology. વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની પદવી ડીનશ્રીના અભિપ્રાય મુજબ ઉપરોકત જણાવ્યાનુસારની પદવી સ્ટેચ્યુટ–૨૨૯માં આમેજ કરવા બાબતે સેનેટને ભલામણ કરવી તેમજ સદરહું બાબત સેનેટમાં સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રી પાસે મુવ કરાવવી.**

૧૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમ પૂરી પાડવા માટે કાર્યાલયના પત્રાંક : જન/**ERP**/૧૧૯૫૬/૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭ થી **GIPL** ને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે સંદર્ભે **Software Developement** કરવામાં આવતા રૂા.૩૨,૪૫,૦૦૦/– નું બીલ રજૂ કરતા ચૂકવણી અંર્થે સિન્ડિકેટ સમક્ષ બાબત રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦૪ ના ઠરાવ્યાનુસાર **GIPL** દ્વારા રજૂ કરેલ રૂા.૩૨,૪૫,૦૦૦/– (**GST** સહિત)ના બીલની ચૂકવણી કરવા સંદર્ભે હાલમાં ૫૦ ટકા રકમ ચૂકવવી અને બાકીની રકમ માટે કમિટિની રચના કરવી અને આ કમિટિ રચના કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી તથા એમના બાકી કામની પૂર્તતા અંગેના રીપોર્ટ બાદ બાકીની રકમની ચૂકવણી માટે બાબત સિન્ડિકેટમાં રજૂ કરવા ઠરાવવામાં આવેલ હતું.

વધુમાં, કોમ્પ્યુટર સાયન્સ વિભાગનો પત્રાંકઃકોમ્પ્યુટર સાયન્સ/૫૧/૨૦૧૯, તા.૦૧/૦૧/૨૦૧૯ માં દર્શાવેલ મુદ્દાઓની પૂર્તતા કરી રીપોર્ટ મોકલી આપવા **GIPL** ને જણાવવામાં આવતા સદર બાબત **GIPL** ના **CEO** નો પત્રાંકઃ **GIPL/CEO/VNSGU/Apr19/127, dt.04/05/2019** થી પૂર્તતા અંગેનો રીપોર્ટ મોકલાવેલ હતો. ત્યારબાદ **GIPL** દ્વારા વધુ **Software Development (University Management Service 2nd Semester Billing)** કરવામાં આવતા રૂા.૩૨,૪૫,૦૦૦/– નું બીલ મોકલવામાં આવેલ હતું.

ઉપરોકત બાબતે નિમણૂંક સમિતિના સભ્યોને ઘટતી કાર્યવાહી કરવાનું જણાવતા સમિતિના સભ્યશ્રી ડૉ. અપૂર્વ એ. દેસાઈ, વિભાગીય વડાશ્રી, કોમ્પ્યુટર સાયન્સ વિભાગનો પત્રાંકઃ કોમ્પ્યુટર સાયન્સ/૬૫૯૮/ ૨૦૧૯, તા.૧૮/૧૦/૨૦૧૯ થી સદર બાબતે રચાયેલ સમિતિનો વિસ્તૃત અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમ પૂરી પાડવા માટે કાર્યાલયના પત્રાંક : જન/ERP/૧૧૯૫૬/૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭ થી GIPL ને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે સંદર્ભે Software Developement કરવામાં આવતા રૂા.૩૨,૪૫,૦૦૦/– નું બીલ રજૂ કરતા ચૂકવણી અંર્થે સિન્ડિકેટ સમક્ષ બાબત રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨– ૦૨–૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦૪ ના ઠરાવ્યાનુસાર **GIPL** દ્વારા રજૂ કરેલ રૂા.૩૨,૪૫,૦૦૦/– (**GST** સહિત)ના બીલની ચૂકવણી કરવા સંદર્ભે હાલમાં ૫૦ ટકા રકમ ચૂકવવી અને બાકીની રકમ માટે કમિટિની રચના કરવી અને આ કમિટિ રચના કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી તથા એમના બાકી કામની પૂર્તતા અંગેના રીપોર્ટ બાદ બાકીની રકમની ચૂકવણી માટે બાબત સિન્ડિકેટમાં રજૂ કરવા ઠરાવવામાં આવેલ હતું.

વધુમાં, કોમ્પ્યુટર સાયન્સ વિભાગનો પત્રાંકઃકોમ્પ્યુટર સાયન્સ/૫૧/૨૦૧૯, તા.૦૧/૦૧/૨૦૧૯ માં દર્શાવેલ મુદ્દાઓની પૂર્તતા કરી રીપોર્ટ મોકલી આપવા **GIPL** ને જણાવવામાં આવતા સદર બાબત **GIPL** ના **CEO** નો પત્રાંકઃ **GIPL/CEO/VNSGU/Apr19/127, dt.04/05/2019** થી પૂર્તતા અંગેનો રીપોર્ટ મોકલાવેલ હતો. ત્યારબાદ **GIPL** દ્વારા વધુ **Software Development (University Management Service 2nd Semester Billing)** કરવામાં આવતા રૂા.૩૨,૪૫,૦૦૦/– નું બીલ મોકલવામાં આવેલ હતું.

ઉપરોકત બાબતે નિમણૂંક સમિતિના સભ્યોને ઘટતી કાર્યવાહી કરવાનું જણાવતા સમિતિના સભ્યશ્રી ડૉ.અપૂર્વ એ. દેસાઈ, વિભાગીય વડાશ્રી, કોમ્પ્યુટર સાયન્સ વિભાગનો પત્રાંકઃ કોમ્પ્યુટર સાયન્સ/૬૫૯૮/ ૨૦૧૯, તા.૧૮/૧૦/૨૦૧૯ થી સદર બાબતે રચાયેલ સમિતિના વિસ્તૃત અહેવાલનો સ્વીકાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી.

૧૨. શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ)**નું નવું જોડાણ** (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં **શિક્ષણ** વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૧૬–૯–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯/MR-26/ખ.–૧ ના પત્રને ધ્યાને લઈ, સદર કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ) નું ચાલુ / ક્રમશઃ વધારાનું અરજીપત્રક આપવા માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા સારું.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી (નર્સિંગ) નું નવું જોડાણ (તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯) મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૬–૯– ૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ દગજ/૨૦૧૯/MR-26/ખ.–૧ ના પત્રને ધ્યાને લઈ, સદર કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(નર્સિંગ) નું ચાલુ / ક્રમશઃ વધારાનું અરજીપત્રક આપવા માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવામાં આવે છે.**

૧૩. ગુરૂવાર તા.૧૨/૦૯/૨૦૧૯ના રોજ અનંત ચૌદશ (ગણેશ વિસર્જન) હોય સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરના મોટાભાગના રોડ ડાયવર્ટ કરેલા હોય કર્મચારીઓને આવાગમનમાં તકલીફ પડતી હોય સદર દિવસે કાર્યાલયનો સમય સવારે ૮:૦૦ થી બપોરે ૨:૦૦ કલાકનો રાખવામાં આવેલ હતો તથા સદર દિવસના કલાકો સરભર કરવા તા.૧૬/૦૯/૨૦૧૯ અને તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ કાર્યાલય શરૂ થવાનો સમય સવારે ૯:૩૦ કલાકનો રાખવામાં આવેલ હતો જે જાણ સારૂ.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** ગુરૂવાર તા.૧૨/૦૯/૨૦૧૯ના રોજ અનંત ચૌદશ (ગણેશ વિસર્જન) હોય સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરના મોટાભાગના રોડ ડાયવર્ટ કરેલા હોય કર્મચારીઓને આવાગમનમાં તકલીફ પડતી હોય સદર દિવસે કાર્યાલયનો સમય સવારે ૮:૦૦ થી બપોરે ૨:૦૦ કલાકનો રાખવામાં આવેલ હતો તથા સદર દિવસના કલાકો સરભર કરવા તા.૧૬/૦૯/૨૦૧૯ અને તા.૧૭/૦૯/૨૦૧૯ના રોજ કાર્યાલય શરૂ થવાનો સમય સવારે ૯:૩૦ કલાકનો રાખવામાં આવેલ હતો જેની નોંધ લેવામાં આવેલ છે.

૧૪. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો માટે યુનિવર્સિટીએ માન્ય કરેલા યુનિવર્સિટી સ્ટુડન્ટસ યુનિયનના બંધારણ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે આપની કોલેજ/યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગની સ્ટુડન્ટસ કાઉન્સિલની ચૂંટણી તા. ૧૧/૧૦/૨૦૧૯ના રોજ યોજવાના મા. કુલપતિશ્રીના નિર્ણય અન્વયે ચૂંટણી કાર્યક્રમની **પશ્ચાદવર્તિ** મંજૂરી સારું.

(યુ.ક.અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો માટે યુનિવર્સિટીએ માન્ય કરેલા યુનિવર્સિટી સ્ટુડન્ટસ યુનિયનના બંધારણ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે આપની કોલેજ/યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગની સ્ટુડન્ટસ કાઉન્સિલની ચૂંટણી તા.૧૧/૧૦/૨૦૧૯ના રોજ યોજવાના મા.કુલપતિશ્રીના નિર્ણય અન્વયે ચૂંટણી કાર્યક્રમની પશ્ચાદવર્તિ મંજૂરીની નોંધ લેવામાં આવેલ છે.**

## <u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>

૧૫. માર્ચ/એપ્રિલ/મે/જુન–૨૦૧૯માં લેવાયેલી યુનિવર્સિટીની પરીક્ષામાં (એક્ષર્ટનલ સહિત) પરીક્ષાના નિયમોનો ભંગ કર્યા બદલ ગેરરિતી આચરતા પકડાયા હતા. FACT કમિટિની તા.<u>૨૩/૦૮/૨૦૧૯</u>ના રોજ હાજર/ ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓ અંગે પરીક્ષાના નિયમોના ભંગ બદલ સુધારાત્મક પગલાંના ક્રમ નંબરની FACT કમિટિએ નોંધ/ભલામણ કરી હતી.

વધુમાં તા.૧૦/૧૦/૨૦૧૯થી યુનિવર્સિટીની પરીક્ષાઓ શરૂ થાય છે. અને સિન્ડિકેટ હાલ મળનાર ન હોય, જેથી મા.કુલપતિશ્રીએ સિન્ડિકેટ વતી તા.૨૩/૦૮/૨૦૧૯ની FACT કમિટિએ કરેલ નોંધ/ ભલામણો મંજુર કરી હોય, મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત…

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ/એપ્રિલ/મે/જુન–૨૦૧૯માં લેવાયેલી યુનિવર્સિટીની પરીક્ષામાં (એક્ષર્ટનલ સહિત) પરીક્ષાના નિયમોનો ભંગ કર્યા બદલ ગેરરિતી આચરતા પકડાયા હતા.** FACT **કમિટિની તા.૨૩/૦૮/૨૦૧૯ના રોજ હાજર/ ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓ અંગે પરીક્ષાના નિયમોના ભંગ બદલ સુધારાત્મક પગલાંના ક્રમ નંબરની** FACT **કમિટિએ નોંધ/ભલામણ કરી હતી.**

**વધુમાં તા.૧૦/૧૦/૨૦૧૯થી યુનિવર્સિટીની પરીક્ષાઓ શરૂ થાય છે. અને સિન્ડિકેટ હાલ મળનાર ન હોય, જેથી મા.કુલપતિશ્રીએ સિન્ડિકેટ વતી તા.૨૩/૦૮/ ૨૦૧૯ની** FACT **કમિટિએ કરેલ નોંધ/ ભલામણો મંજુર કરી હોય, મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવામાં આવેલ છે.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>**

૧૬. શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૦–૨૧ માટે સંસ્થાએ કરેલ ચાલુ જોડાણ અરજી પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા.પલસાણા, જિઃ સુરત સંચાલિત શ્રીમતી રાણીબેન માધાભાઈ ભાદરકા નર્સિંગ કોલેજ, ને.હા. નંબર–૮ કરણગામની પાસે, પો. બલેશ્વર, અમન હોટેલની સામે, તા. પલસાણા, જિઃ સુરત શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૦–૨૧ માટે સંસ્થાએ કરેલ ચાલુ જોડાણ અરજી સંદર્ભે સિન્ડિકેટની તા.૪–૧૧–૨૦૧૯ના સભાના ઠરાવ ક્રમાંકઃ ૮ અંતર્ગત સંસ્થાએ કરેલ ચાલુ જોડાણની અરજી દફતરે કરી જોડાણ અરજી ફી નો ચેક પરત કરવો.**

૧૭. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ દરમ્યાન એસ.ડી.જૈન કોલેજને B.C.A. અભ્યાસક્રમમાટે બે ડીવીઝનનું જોડાણ આપવામાં આવેલ, પરંતુ બે ડીવીઝન ને બદલે ત્રણ ડીવીઝન મુજબના પ્રવેશ અપાતાં પ્રવેશ સમિતીની તા.૨૩–૦૯–૨૦૧૯ની ભલામણ તથા તપાસ સમિતીની તા. ૨૧–૧૦–૨૦૧૯ના અભિપ્રાયને અનુસંધાને માનનીય કુલપતિશ્રીએ ત્રણ ડીવીઝન મુજબના વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ કરવા વિદ્યાર્થીની પરીક્ષા અને ભવિષ્યને ધ્યાનમાં લઈ અને તપાસ સમિતીના આખરી અહેવાલ મુજની કાર્યવાહી કરવા આપેલ મંજુરી ના પગલાની નોંધ લેવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ દરમ્યાન એસ.ડી.જૈન કોલેજને B.C.A. અભ્યાસક્રમ માટે બે ડીવીઝનનું જોડાણ આપવામાં આવેલ, પરંતુ બે ડીવીઝનને બદલે ત્રણ ડીવીઝન મુજબના પ્રવેશ અપાતાં પ્રવેશ સમિતીની તા.૨૩–૦૯–૨૦૧૯ની ભલામણ તથા તપાસ સમિતીની તા.૨૧–૧૦–૨૦૧૯ના અભિપ્રાયને અનુસંધાને વિદ્યાર્થીના ભવિષ્યને ધ્યાનમાં લઈ અને તપાસ સમિતીના આખરી અહેવાલને આધિન માનનીય કુલપતિશ્રીએ ત્રણ ડીવીઝન મુજબના વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ કરવા અને પરીક્ષા લેવા આપેલ મંજુરીના પગલાની નોંધ લેવામાં આવે છે.**

૧૮. યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ધોરણે ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓના પગારમાં નાણા સમિતિની તા.૧૫–૦૬–૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૦ અને સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૪૯ મુજબ વિવિધ વહીવટી કર્મચારીઓને પ્રતિમાસ તેમને મળતાં મહેનતાણામાં નવા કરારથી રૂા.૪૦૦૦/– નો વધારો કરવામાં આવેલ છે જે પૈકી નીચે મુજબની જગ્યાઓનો શરત ચૂકથી પગાર વધારામાં સમાવિષ્ટ ન થયેલ હોય તે જગ્યાઓના પગાર વધારા અંગે વિચારણા કરવા બાબત નાણા સમિતિ સમક્ષ રજૂ કરતા નાણા સમિતિની તા.૦૫–૦૮–૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૬ અન્વયે પગાર વધારા અંગે મા.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરવામાં આવેલ હતી. જે અન્વયે નિયુકત સમિતિની સભા તા.૧૫/૧૦/૨૦૧૯, મંગળવારના રોજ વહીવટી ભવન ખાતે મળી હતી જેમાં સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ધોરણે ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓના પગારમાં નાણા સમિતિની તા.૧૫–૦૬–૨૦૧૯ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૦ અને સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૪૯ મુજબ વિવિધ વહીવટી કર્મચારીઓને પ્રતિમાસ તેમને મળતાં મહેનતાણામાં નવા કરારથી રૂા.૪૦૦૦/– નો વધારો કરવામાં આવેલ છે જે પૈકી અહેવાલમાં દર્શાવેલ જગ્યાઓનો શરત ચૂકથી પગાર વધારામાં સમાવિષ્ટ ન થયેલ હોય તે જગ્યાઓના પગાર વધારા અંગે વિચારણા કરવા બાબત નાણા સમિતિ સમક્ષ રજૂ કરતા નાણા સમિતિની તા.૦૫–૦૮–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૦૬ અન્વયે પગાર વધારા અંગે મા.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરવામાં આવેલ હતી. જે અન્વયે નિયુકત સમિતિની સભા તા.૧૫/૧૦/૨૦૧૯, મંગળવારના રોજ વહીવટી ભવન ખાતે મળી હતી જેમાં સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો સ્વીકાર કરવો.**

**(પરિશિષ્ટ : ' ચ ')**

૧૯. કોલેજોના એડમીશનમાં થતી મુશ્કેલીઓથી દૂર રહેવા તથા અન્ય યુનિવર્સિટી તથા અન્ય રાજયમાં કે દેશમાં ચાલતી ACPC સિસ્ટમ ચાલુ કરવા માનનીય સિન્ડિકેટ સભ્યશ્રીઓના તા.૪–૧૧–૨૦૧૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતમાં ACPC સિસ્ટમ ડેવલોપ કરવા સમિતિની રચના કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૨૦. સિન્ડિકેટ રૂમ નંબર ૨૦૫ને સાઉન્ડ પ્રુફ બનાવવા બાબતના માનનીય સિન્ડિકેટ સભ્યશ્રીઓના તા.૪–૧૧–૨૦૧૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ રૂમ નંબર ૨૦૫ને સાઉન્ડ પ્રુફ બનાવવા બાબતના માનનીય સિન્ડિકેટ સભ્યશ્રીઓએ તા.૪–૧૧–૨૦૧૯ના પત્રથી કરેલ વિનંતી સ્વીકારી આગળની કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૨૧. ગાંધી જયંતિ નિમિતે યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને સિન્ડિકેટની તા. ૨૩–૦૮–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ૭૦ અંતર્ગત ૨૧ ટ્રાયસીકલ આપવામાં આવેલ જે સંદર્ભે બાકી રહી ગયેલ બે દિવ્યાંગ વિદ્યાર્થીઓને ટ્રાયસીકલ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધી જયંતિ નિમિતે યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને સિન્ડિકેટની તા. ૨૩–૦૮–૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ૭૦ અંતર્ગત ૨૧ ટ્રાયસીકલ આપવામાં આવેલ જે સંદર્ભે બાકી રહી ગયેલ બે દિવ્યાંગ વિદ્યાર્થીઓને ટ્રાયસીકલ આપવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**
યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/ ૨૧૫૭૪/૨૦૧૯ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૧૫ – ૧૧–૨૦૧૯
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**